**<u>ખંભાળીયાના મે. એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં. મુકામ–ખંભાળીયા</u>**

---

બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી.**જે.વી.સોલંકી**

---

ગુન્હોઃ– **ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ**

---

**<u>:: આંક–૧નીચે હુકમ ::</u>**

(૧) ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં–પ માં જણાવેલ બનાવ સમય અને સ્થળે પોતાના કબજામાં **લોખંડની છરી** રાખી જાહેરમાં નીકળી મે.ડી.એમ.સા.ના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ગુન્હો કરતા આરોપી સ્થળ પર પકડાઈ જઈ આ કામના આરોપીએ ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરી, તપાસ અર્થે પોલીસે તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા લગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આરોપીની ગુનાના કામે અટક કરેલ. આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોઈ, કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપી હાજર થતા આ કામે આરોપીને અને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ની જોગવાઈનું પાલન કર્યા બાદ આરોપી સામે ફરીયાદના સંદર્ભમાં ગુના અંગે પ્લી લેવામાં આવતા તેઓએ તેમની સામેના ગુનાની કબુલાત પુરસીસ સ્વેચ્છા પુર્વક કરી કબુલતા પુરસીસ રજુ કરેલ છે અને ગુનાનો સ્વેચ્છાપુર્વક સ્વીકાર કરેલો છે.

(૩) આ કામે આરોપી ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ તેઓએ તથા તેમના વિ.વ.શ્રી.એ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, તેઓ મજુરી અને અભણ માણસ છે તેમજ માતા પિતા અને પરીવારની જવાબદારી તેઓની ઉપર છે અને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે. જેથી તેઓની ઉપર રહેમ નજર રાખવા અરજ કરેલ છે. તેઓના વી.વ.શ્રી.દવારા આરોપીનો આ પ્રથમ વખત નો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪) કોર્ટ ધ્વારા આરોપીને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ રહેમ નજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫) આરોપી સામેનો આક્ષેપીત ગુનો તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગનો માણસ હોવાનુ જણાવેલ છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય હોવાનું તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપેલ હોઈ તમામ સંજોગો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું. :–

**– <u>હુકમ</u> –**

- આરોપી– રાણાભાઈ નાગશીભાઈ ભાચકન, રહે.મુ.તા.જી.જામનગરનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ ના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **રૂા.૩૦૦/–**(અંકે રૂપીયા ત્રણસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–૦૨ (બે) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪, માહે–માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા. જી.દેવભુમી દ્વારકા,
**JUDGE CODE-01732**